TORRENT POWER

# સંકલિત વ્યવસ્થાતંત્ર નીતિ

ટોરેન્ટ પાવર લિમિટેડ ડિસ્ટ્રિબ્યૂશન (TPL-D) વિશ્વ-કક્ષાની સંકલિત વીજ વિતરણ કંપની બનવા માટે પ્રતિબધ્ધ છે.

TPL-D તેના ગ્રાહકોને વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા માટે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવા, તેમજ નવીન પ્રણાલીઓ દ્વારા સંચાલનના આંતરરાષ્ટ્રીય ધારાધોરણોને આત્મસાત કરવા અને તેની જાળવણી કરવા માટે પ્રતિબધ્ધ છે.

TPL-D સંકલિત વ્યવસ્થાતંત્રની નીતિને લાગુ પડતી કાનુની અને અન્ય જોગવાઈઓનું પ્રતિબધ્ધતાથી પાલન કરવા તથા સંકલિત વ્યવસ્થાતંત્રની અસરકારકતામાં સંબધિત આંતરરાષ્ટ્રીય ધારાધોરણોને અંતર્ગત સતત સુધારા માટે પ્રતિબધ્ધ છે.

## TPL-D નીચેનાં પ્રયાસો કરવા માટે પ્રતિબધ્ધ છે:

> ગ્રાહકોને સર્વશ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવી, જે ઉચ્ચ કક્ષાના સંતોષમાં પરિણમે.

> ગુણવત્તા સુધારણા, નવીનીકરણ, વિક્ષેપ માટે સ્થિતિસ્થાપકતા, સાધનસંપત્તિનું સંરક્ષણ, પર્યાવરણની સુરક્ષા, ઉર્જા કાર્યક્ષમતા અને અસ્કયામતોનું જોખમ ઘટાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને આનુસંગિક કાર્ય પ્રણાલીઓ અપનાવવી.

> કાર્ય સંબધિત ઈજા અને ખરાબ સ્વાસ્થ્યના નિવારણ માટે જોખમોને દૂર કરવા, ઘટાડવા અને સલામત તથા આરોગ્યપ્રદ વ્યવસાયી વાતાવરણ પૂરું પાડવું.

> પરામર્શ અને ભાગીદારી થકી સલામત કાર્ય સંબંધિત વાતાવરણમાં વૃધ્ધિ અને તેમની સુખાકારી વધારવા માટે તમામ હિસ્સેદારોને સલામત વર્તન અંગે પ્રોત્સાહિત કરવા.

> કર્મચારીઓની સક્ષમતાના વિકાસ અને જાળવણી માટે તાલીમ અને જાગૃતતાને લગતા કાર્યક્રમોનું સતત આયોજન કરવું અને તેમાં બીજા હિસ્સેદારોને જરૂરિયાત મુજબ આવરી લેશે.

> ઉર્જા કાર્યક્ષમ અને પર્યાવરણને અનુકૂળ વસ્તુઓ અને સેવાઓની ખરીદી તથા ઉર્જા કાર્યક્ષમતામાં સુધારો કરતી રુપરેખા તેમજ પર્યાવરણનું રક્ષણ કરતી પ્રવૃતિઓને સમર્થન આપવું.

> ઉદ્દેશો અને લક્ષ્ય સ્થાપિત કરવા યોગ્ય માળખું પ્રદાન કરવું અને તેને સિધ્ધ કરવા જરૂરી માહિતીઓ અને સંસાધનોની પૂર્તતા કરવી.

> વ્યાવસાયિક શ્રેષ્ઠતાની શોધ અને જવાબદાર કોર્પોરેટ સંસ્કારિતા થકી ગુણવત્તા, પર્યાવરણ વ્યવસાયિક સ્વાસ્થ્ય અને સલામતી, ઉર્જા, અસ્કયામતો અને વ્યવસાય સાતત્ય વ્યવસ્થાતંત્રના સંચાલનમાં નવા સીમાચિન્હો હાંસલ કરવા.

> વ્યક્તિગત વિકાસ, સામૂહિક ભાવના, નવીનીકરણ અને સર્જનાત્મકતાને વિકાસ મળે એવી કાર્ય સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવું.

> સંસ્થાના પાયાનાં મૂલ્યોને અપનાવીને તથા કર્મચારીઓ, હિસ્સેદારો, સમાજ, પર્યાવરણ અને રાષ્ટ્રની ચિંતા અંગેના સંબોધન થકી જવાબદાર કોર્પોરેટ નાગરિક બનવું.

> સંકલિત વ્યવસ્થાતંત્ર નીતિનો સંપૂર્ણ અમલ કરવા યોગ્ય સંસાધનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી અને નીતિની સુસંગતતાની સમયાંતરે સમીક્ષા કરવી.

સુધીર પ્રસાદ
એકઝીક્યુટીવ ડીરેકટર

તારીખ: 06-03-2026